શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૩
અંક : ૫

## સંસ્થાની યાત્રા-૮

વર્ષ ૨૦૧૪–૧૫માં સંસ્થાએ સમાજ સુરક્ષા વિભાગનાં સહયોગથી અમરેલી જિલ્લાનાં ૮ તાલુકાની ૧૮ થી ૪૦ વર્ષની વિધવા, નિરાધાર ૨૩૨ બહેનોને સિલાઈ કામની તાલીમ આપી. સિલાઈ મશીન આપ્યા. વૈકલ્પિક રોજગારીની તક ઉભી કરી. જુનાગઢ લેપ્રોસી કોલોનીના યુવાનોને મંડપ સર્વિસ માટે તેમજ ભાવનગર લેપ્રોસી કોલોનીનાં યુવાન અને બહેનોને સીવણ અને ગારમેન્ટ વેચાણની તાલીમ આપી. સમાજમાં સ્થાન અપાવ્યુ અને વ્યવસાય શરૂ કરવામાં મદદ કરી. વર્ષ દરમ્યાન સુક્ષ્મ પિયત પદ્ધતિને પ્રમોશન આપી મજબુત કર્યુ. મહીલા અને બાળ સહાયતાં કેન્દ્રની સ્થાપનાં ઓકસફામનાં સહયોગથી શરૂ કરવામાં આવી. શરૂઆતનાં સ્ટેજમાં મહિલા પોલીસ સ્ટેશને શરૂ કર્યુ જેમાં બે મહીલા કાઉન્સેલરની નિમણુક કરી આ કેન્દ્રનો મુખ્ય હેતુ સ્ત્રી હિંસાની રોકધામ કરવી અને યોગ્ય ન્યાય માટે સહયોગ પુરો પાડવો હતો. સંસ્થાની સતત રજુઆત અને કેન્દ્રની સફળતાને ધ્યાને લઈને રાજય સરકારે દરેક જિલ્લામાં આ કેન્દ્રની શરૂઆત કરી. ઉના– જાફરાબાદ તાલુકામાં ૯ ખેડુત મંડળ (ફાર્મસ કલબ)ની સ્થાપનાં કરવામાં આવી. આ કલબના મુખ્ય હેતુ મુજબ બેન્કીંગ પદ્ધતિ/પાક માવજત અને ખેતીમાં નવા–નવા અખતરા નાબાર્ડનાં સહયોગથી ચાલુ કરવામાં આવ્યા. આત્મા પ્રોજેકટ સાથે ૨૧ ગામના ફાર્મસ કલબનું જોડાણ કર્યુ. વર્ષ ૨૦૧૫–૧૬માં શિક્ષણ અને સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત સંસ્થાને ઘણી સફળતા મળી જે વિદ્યાર્થીઓના બેઈઝલાઈન, મીડલાઈન અને એન્ડલાઈન મારફત જાણવા મળ્યુ. વર્ષ દરમ્યાન બાળમજુરી રોકવા જાગૃતિ કાર્યક્રમ કર્યા. કાર્યક્ષેત્રનાં ૯ ગામોમાં આરોગ્ય કેમ્પ મારફત ૧૦૯૫ લાભાર્થીઓને આવરી લેવામાં લીધા. રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ સંબંધે જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે અભિયાન ચલાવ્યું જેમાં નાડેપ પદ્ધતિ મારફત કાર્બનિક ખાતરનાં પ્લોટ નિદર્શન કર્યા. ખેતી વિષયક કામગીરીમાં ઘણા પડકારો જેવા કે સાક્ષરતા દર, ખેતી ઈનપુટસની ખરીદી, ઓછી સુક્ષ્મ પિયત પદ્ધતિ, અનિશ્ચિત હવામાન, જંગલી પશુઓનો ત્રાસ, નકલી બિયારણ અને કપાસનાં નીચા ભાવ જેવાં મુદાઓને ધ્યાને

**સમય તમારો છે ચાહો તો સોનું બનાવી દો ચાહો તો સુવામાં વીતાવી દો.**

લઈને સંસ્થાએ સતત જાગૃતિ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો. ખાંભા ખાતે ચાલતાં ખેડુત સંગઠનને પોતાના બીઝનેશ પ્લાન બનાવવા, અમલ કરવા અંગે ફેસીલીટેશન કર્યુ. ધારી ખાતે નાબાર્ડનાં સહયોગથી ગીર ફાર્મસ પ્રોડયુસર કંપનીની સ્થાપનાં માટે ૩૭ ગામોનાં ૩૨૪૩ ખેડૂતો સાથે મીટીંગો કરી.

સંસ્થાએ જુદા જુદા વિષાયોનું દસ્તાવેજીકરણ કર્યુ જેમાં મુખ્યત્વે દરિયાકાઠાનાં ખેડૂતો માટે સુક્ષ્મ પિયત પદ્ધતિ, આરોગ્ય સંબંધિત પત્રિકાઓ, શિક્ષણ કાર્ય માટે આઈઈસી મટીરીયલ અને એફપીઓ માટે હિસાબી રેકર્ડની નિભાવણી માટે જુદા જુદા રજીસ્ટર્સનાં નમુનાઓ તૈયાર કર્યા.

(ક્રમશઃ)

## કુદરતી દાંત—શ્રેષ્ઠ દાંત

આદર્શ રીતે તો તમારા દાંત આજીવન તમારી સાથે રહેવા જોઈએ, પરંતુ કમનસીબે દાંતમાં સડો અથવા ઈજાને કારણે જો દાંતમાં ઈન્ફેકશન થાય તો દાંતને બચાવવા રૂટ કેનાલ ટ્રીટમેન્ટની જરૂર પડે. પહેલાના સમયમાં આવા દુઃખતા, સડેલા દાંતને કાઢી નાખવામાં આવતા હતા, પરંતુ હવે આધુનિક સારવારની મદદથી આવા રોગગ્રસ્ત દાંતને કઢાવવાને બદલે બચાવી શકાય છે. તમારા કુદરતી દાંત જેવું શ્રેષ્ઠ બીજું કશું નથી. જયારે પણ સડી ગયેલ દાંતમાં ટ્રીટમેન્ટની જરૂર પડે ત્યારે તમારા કુદરતી દાંતને બચાવવો એ હંમેશા સારવારની પ્રથમ પસંદગી હોવી જોઈએ. આધુનિક બ્રિજ કે ઈમ્પ્લાન્ટ પણ તમારા કુદરતી દાંતથી ચડિયાતા નથી.

જો નિષ્ણાંત ડોકટર દ્વારા ચોક્કસાઈથી ટ્રીટમેન્ટ થયેલ હોય તો મોટાભાગના કેસમાં રૂટ કેનાલ ટ્રીટમેન્ટ સફળ છે. ત્યારબાદ દાંતની યોગ્ય સંભાળ લેવામાં આવે તો સારવાર કરેલ ઘણા દાયકાઓ સુધી વ્યવસ્થિત કામ આપે છે.

**રૂટ કેનાલ ટ્રીટમેન્ટના ફાયદાઓ :**

(૧) ચહેરાનું સૌદર્ય જળવાય છે. (૨) જડબાના હાડકાનું બંધાણ જળવાય છે. (૩) ચાવવાની કાર્યક્ષમતામાં કોઈ ઘટાડો થતો નથી. (૪) આરામ અને તંદુરસ્તી જળવાય છે. અને આર્થિક રીતે વિચારીએ તો દાંત કઢાવીએ બ્રિજ કે ઈમ્પ્લાન્ટ કરાવવા કરતા રૂટ કેનાલ ટ્રીટમેન્ટથી દાંત બચાવવો વધારે ફાયદાકારક છે.

**રૂટ કેનાલ ટ્રીટમેન્ટના કારણો :** ઉંડોસડો, દાંતની ઈજા, દાંતનો ઘસારો.

**લક્ષણો :** (૧) ઠંડી કે ગરમ વસ્તુથી દાંત સેન્સીટીવ હોય. (૨) દાંતનો કલર બગડી જવો. (૩) દાંતની નજીક પેઢા પાસે સોજો કે દુઃખાવો. (૪) ચાવતી વખતે દાંતમાં દુઃખાવો. કયારેક કોઈ લક્ષણ ન પણ હોય.

**એકસ—રે :** સ્પષ્ટ હોય કે દાંતનો સડો નસ સુધી ઉંડો પહોંચી ગયેલ હોય.

**રૂટ કેનાલ ટ્રીટમેન્ટ :** રૂટ કેનાલ ટ્રીટમેન્ટ દાંતની નસની જટિલ અને ચોક્કસાઈ પૂર્વક

**મૌનને સહમતિ અને ખામોશીને સરણાગતિ કયારેય ન સમજવી.**

કરવામાં આવતી ટ્રીટમેન્ટ છે, જેમાં દાંતનું પોલાણ અને રૂટ કેનાલમાંથી ઈન્ફેકશન દુર કરવામાં આવે છે અને ખાસ રબર જેવા મટીરીયલથી (કૃત્રિમ નસ) કેનાલ સીલ કરવામાં આવે છે, જેથી ફરી ઈન્ફેકશન થાય નહિ.

**સારવાર પછી દાંત પર કવર (કેપ) :** સડો કે ઈજાને કારણે દાંતમાં થયેલા ઈન્ફેકશનને દુર કરવા રૂટ કેનાલ ટ્રીટમેન્ટ કર્યા પછી દાંતને પોષણ મળતું બંધ થાય છે, ત્યાર પછી દાંતનો કલર કાળાશ પડતો ઘટટ થાય છે તેમજ દાંત બટકણો થાય છે. દાંતમાં ફ્રેકચર થવાની શકયતા રહે છે, તેથી દાંતને તૂટી જતો અટકાવવા માટે તેના પર રક્ષણાત્મક અને કોસ્મેટીક કવર (કેપ) કરવું હિતાવહ છે.

**દાંતના ઉંડા સડાની રૂટ કેનાલ ટ્રીટમેન્ટ ન કરાવીએ તો શું થાય? :** ઘણીવખત કેટલાક લોકો સડેલા દુઃખતા દાંતમાં રૂટ કેનાલ ટ્રીટમેન્ટ કરાવવાને બદલે પીડાશામક દવાઓથી ટેમ્પરરી રાહત મેળવવાના પ્રયાસ કરતાં હોય છે અને ટ્રીટમેન્ટ ટાળતા હોય છે. જો સમયસર યોગ્ય ટ્રીટમેન્ટ ન થાય તો રૂટ કેનાલનું ઈન્ફેકશન દાંત નીચેના જડબાના હાડકામાં ફેલાય છે. તેને કારણે જો દબાણપૂર્વક રસી થાય તો અસહય દુઃખાવો થાય અને જો રસીની માત્રા ઓછી હોય તો કોઈ દુઃખાવો થતો નથી. શરીરની રોગપ્રતિકારકશકિત ખુબ જ સારી હોય ત્યારે આવા ઈન્ફેકશનની ખબર પણ પડતી નથી, પણ જયારે આ રોગપ્રતિકારકશકિત સહેજ પણ નબળી પડે ત્યારે આ ઈન્ફેકશન માટેના જવાબદાર બેકટેરીયા હાવી થઈ જાય છે અને દાંતમાં મધ્યમથી અસહય દુઃખાવો કરે છે. આ રસી જડબાના હાડકામાં હોલ કરીને બહાર નીકળી પેઢા, જડબા કે ચહેરા પર સોજો લાવે છે. દાંતને જકડી રાખતા હાડકામાં એક હદથી વધારે નુકસાન થાય તો ? દાંત સમયસર ટ્રીટમેન્ટથી બચાવી શકાયો હોત તો ? દાંતને કઢાવવો પડે છે.

**આ ટ્રીટમેન્ટ વિશેની ગેરમાન્યતાઓ**

**ગેરમાન્યતા :** રૂટ કેનાલ ટ્રીટમેન્ટમાં ખુબ જ દુઃખાવો થાય છે.

**સત્ય :** રૂટ કેનાલ ટ્રીટમેન્ટમાં દુઃખાવો થતો નથી, ઉલટું, તેનાથી તો દુઃખાવો દુર થાય છે, અને તે પણ કાયમ માટે. અમારી વિશેષ આધુનિક ટેકનોલોજી અને એનેસ્થેસિયા વડે આ ટ્રીટમેન્ટ ઘણી આરામદાયક રહે છે.

**ગેરમાન્યતા :** એક વખત દાંત સડે અને દુઃખે પછી કઢાવવો જ પડે.

**સત્ય :** થોડા સમય પહેલા આ માન્યતા સાચી હતી, પરંતુ હવે આધુનિક ટેકનોલોજી, સંશોધન, તાલીમ અને બેસ્ટ કવોલીટી મટીરીયલ અને મેડીસીનથી જો વ્યવસ્થિત, ચોકકસાઈપૂર્વક સારવાર કરવામાં આવે તો, લગભગ ૧૦૦% કેસમાં સડો કે ઈજાને કારણે દુઃખતા દાંતને કાયમ માટે મટાડી શકાય છે અને તે પણ ફરીથી વર્ષો સુધી કામ આપે તે રીતે.

— રમેશભાઈ સોલંકી

**ગુરૂની કૃપા હોય તો શિષ્ય કોઈપણ ગ્રંથ વાંચ્યા સિવાય પંડિત થઈ શકે છે.**


સંસ્થાનાં સ્થાપનાં વર્ષથી જ સંસ્થા તાલીમ અને શિક્ષણ પ્રત્યે ખૂબ જ કાર્યરત રહી છે જે સંસ્થાનાં વિવિધ ઉદેશોમાંથી એક મહત્વનો ઉદેશ્ય રહયો છે અને આજ ઉદેશ્યનાં ભાગરૂપે સંસ્થા વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ફિલ્ડ સ્ટડી (કાર્યક્ષેત્રનાં અભ્યાસ) માટે એક વિશાળ પ્લેટફોર્મ પણ પૂરું પાડતું રહયું છે.

MBA, Engineering, BRS, MRS, BSW, MSW, Public Policy જેવી વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વર્ષોથી સંસ્થામાં ફિલ્ડ અભ્યાસ અર્થે આવતા રહયા છે. કોઈપણ શિક્ષણનો અભ્યાસક્રમ અંતર્ગત આપવામાં આવેલ હોય, તેની સંપૂર્ણ સમજ ત્યાં સુધી નથી બનતી જયાં સુધી તેને વાસ્તવિક કે વ્યાવહારિક જીવનમાં પ્રાયોગિક કરવામાં, જોવામાં કે સમજવામાં ન આવે.

આજ હેતુ સિદ્ધ કરવા સંસ્થાએ વિદ્યાર્થીઓ માટે સેતુનું કામ કરે છે. અભ્યાસ અંતર્ગત શિખેલી અને જાણેલી બાબતો તથા મુદાઓને તેઓ કાર્યક્ષેત્રમાં વધુ સારી રીતે સમજી તથા જાણી શકે છે.

દર વર્ષે વિદ્યાર્થીઓ સંસ્થામાં બહોળા પ્રમાણમાં આવતાં રહયા છે. જેમાં સંસ્થાનાં કાર્યકરો સાથે વિદ્યાર્થીઓને જોડી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંસ્થા તેમાં કાર્યરત વિવિધ પ્રોગ્રામ તથા કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતા દરેક પાસાઓથી પરિચિત કરાવે છે. સમજણ અને કાર્યક્ષેત્રનો વ્યકિતગત અનુભવ આપે છે.

કોવીડ–૧૯ની બીજી લહેર આ વર્ષે માર્ચનાં અંતથી શરૂ થઈ અને ખૂબજ મોટા પ્રમાણમાં




**મને એલાર્મની કોઈ જરૂર નથી મને મારી જવાબદારી જ જગાડે છે.**

લોકો આ રોગથી સંક્રમિત થયા. લોકડાઉન તથા મોટા પ્રમાણમાં સંક્રમણ હોવાથી આ સમયે સંસ્થા વિદ્યાર્થીઓને કાર્યક્ષેત્રનો વ્યકિતગત અનુભવ જોખમકારક જણાતા સંસ્થાએ આ અનુભવ તથા શિક્ષણ વિદ્યાર્થઓને વરચ્યુઅલ એટલે કે ઓનલાઈન મોડથી આપ્યું.

Institute of rural management Anand-IRMA જેનો ઉદેશ્ય શ્રેષ્ઠ વ્યાવસાયિક સંચાલનનો ગ્રામિણ કક્ષાએ પુરૂ પાડવા માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવાનો છે. અસરકારક ગ્રામિણ વિકાસની ચાવીએ અસરકારક વ્યાવસાયિક સંચાલન છે. IRMA ભારતનાં રૂરલ તથા એગ્રીકલ્ચર બીઝનેસ મેનેજમેન્ટ સેકટર માટેની સર્વશ્રેષ્ઠ બીઝનેસ સ્કૂલ છે. Village Field Segment (VFS) એ IRMA દ્વારા સંચાલિત અભ્યાસક્રમનો એક વિશિષ્ટ ભાગ છે. જેમાં વિદ્યાર્થીઓને કાર્યક્ષેત્રનો અનુભવ મેળવવા તથા રીસર્ચ સ્ટડી કરવા માટે વિવિધ NGO'S/ NPO'S જેવી સંસ્થાઓ સાથે જોડવામાં આવે છે. એપ્રીલ ૨૦૨૧માં ૧૦ વિદ્યાર્થીઓને IRMA દ્વારા સંસ્થા સાથે જોડવામાં આવ્યા છે. તમામ વિષયો પર ઓનલાઈન સેશન ગોઠવવવામાં આવ્યા હતા. જેમાં જેન્ડર અને અધિકારો, તાલીમ અને શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ, કૃષિ ઉત્પાદકતા, FPO'S એન્ટરપ્રીનીયરશીપ કન્વર્ઝન્સ, સંસ્થાનું માળખું/કાર્યક્ષેત્ર જેવી વિવિધ બાબતો પર સમજણ આપવામાં આવી, જેમાં સંસ્થાઓ હસ્તક્ષેપ છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને તેમની રસ/રૂચી પ્રમાણે વિવિધ વિષયો તથા કાર્યકરો સાથે જોડયા જેથી તેઓ જે તે વિષયોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી શકે. ઓનલાઈન માધ્યમથી આયોજન કરવું ઘણા અંશે પડકારજનક રહયું કારણ કે કાર્યક્ષેત્રનો વ્યકિતગત અનુભવ તથા સમજણ અમુક કલાકોનાં ઝૂમ કોલ દ્વારા આપવો એ ફકત કોઈ પુસ્તકનાં મુખપૃષ્ઠને વાંચવા બરાબર છે. કારણ કે આજે હું સંસ્થા સાથે છેલ્લા ૫ મહિનાથી જોડાઈ છું અને છતાં એમ થતું રહે છે કે હજી ઘણું શિખવાનું, જાણવાનું અને સમજવાનું બાકી છે. મુશ્કેલીઓ સાથે પણ આક નું આયોજન એ એક અલગ અનુભવ રહયો, વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું તેમને સંસ્થાની તેનાં કાર્યક્ષેત્રમાં વિવિધ સ્તરે હસ્તક્ષેપ વેગેરે જેવી વિવિધ બાબતોથી પરિચય કરાવવા, જેમાં વિદ્યાર્થીઓના લર્નિંગની સાથે સંસ્થાનાં કાર્યકરો પણ કંઈક નવુ શીખી શકે છે.

મારા અનુભવ પ્રમાણે દરેક વ્યકિત પાસેથી કંઈક શિખવા, જાણવા મળતું હોય છે. વિવિધ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વિવિધ સંસ્કૃતિમાંથી, વિવિધ વિચારો તથા જ્ઞાન સાથે આવતા હોય છે અને તેમની પાસે આપણે પણ તેમની પાસેથી કંઈક શીખીએ છીએ, તેમને જાણવાનો, સમજવાનો પ્રયત્ન આપણા માટે પણ શિખવાની વિવિધ તકો પૂરી પાડતી હોય છે.

– જાનકી પંડયા

**એક ખોટી વાત અને એક અધુરી વાત કેટલાય સંબંધો તોડી નાખે છે..!!**

**એગ્રોનોમિક તાલીમ (પ્રી સોઈંગ)**

જમીનની તૈયારી, બીજ પસંદગી, બીજની માવજત, વાવેતર અંતર, છાણીયું ખાતર, જમીન પસંદગીનું મહત્વ, ખાતર વ્યવસ્થાપન, જૈવિક ખાતરો, આંતરપાક, ગુલાબી ઈયળનું આગોતરૂં આયોજન જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા.

**જમીન તૈયારી :** જમીનને ઉંડી ખેડ કરી તપવા દેવી જોઈએ. જેથી અગાઉના પાકના, જડીયા, ઘાસ વગેરે સૂર્ય તાપથી સુકાઈ જશે અને પાકના અવશેષો સાથે રહેલા રોગ અને જીવાતો સૂર્યના તાપમાં ખુલ્લા થવાથી નાશ પામશે બે થી ત્રણ વર્ષે ટ્રેકટરથી જમીનને ખેડવાથી કાયમી હઠીલા નિંદામણનો ઉપદ્રવ ઓછો થશે. આ ઉપરાંત વરસાદના પાણી તેમજ ભેજ સંગ્રહ કરવાથી ક્ષમતામાં વધારો થાય છે. વરસાદનું પ્રમાણ વધુ હોય અને જમીનમાં પાણી ભરાય રહેલું હોય તેવી જમીનમાં ઢ ાળિયા અને પાળી તૈયાર કરવી જે પાળી પર કપાસના બીજની વાવણી કરી શકાય. પાળી ઉપર કપાસના બીજનો ઉગાવો સારો થાય છે અને બીજ કોહવાય જતુ અટકે છે. જમીન તૈયારી વખતે જ સારું કહવાયેલું છાણીયું ખાતર કે કમ્પોસ્ટ ૧૦ ટન હેકટરે મુજબ જમીનમાં ભેળવી અથવા શકય હોય તો ઈકકડનો લીલો પડવાસ કરવો.

**બીજની પસંદગી :** માન્ય જાતોના શુદ્ધ બીજની પસંદગી કરવી જોઈએ. જે માટે યોગ્ય જાત પસંદ કરી તેના બીયારણની વ્યવસ્થા અગાઉથી કરી લેવી જોઈએ તેમજ આપણા વિસ્તાર જે જાત વધારે પડતી સારી અને રોગ–જીવાતનું પ્રમાણ ઓછુ હોય તેવી જાતની પસંદગી કરવી. જેથી આપણને સારૂ ઉત્પાદન મળી શકે છે.

**બીજ માવજત :** કપાસના બીજનો ઉગાવો સારો થાય અને શરૂઆતથી જ સુસીયા પ્રકારની જીવાતોથી છોડને રક્ષણ મળી રહે તે માટે કપાસના બીજને પટ આપવો જેથી કપાસનાં પાકમાં શરૂઆતના ૪૩ દિવસ સુધી સુચીયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. આ ઉપરાંત કપાસના પાકમાં રાસાયણિક ખાતરનો બચાવ થઈ શકે તે માટે એજેટોબેકટર તથા ફોસ્ફેટ કલ્ચરનો બીજને પટ આપી વાવેતર કરવાથી રાસાયણિક ખાતર ખર્ચ ઘટે છે.

**વાવેતર અંતર :** કપાસના ઉત્પાદનમાં વાવેતર અંતર (બે છોડ અને બે હાર વચ્ચે) ખુબ અગત્યનો ભાગ ભજવે છે. જે જમીનના પ્રકાર, જમીનની ફળદ્રુપતા, વાવેતરની પરિસ્થિતિ અને પસંદ કરેલ જાતની વનસ્પતિ વૃદ્ધિ વગેરેને ધ્યાનમાં રાખી કપાસની વાવણી ૧૨૦×૪૫ સેમી અંતરે કરવાથી સારું ઉત્પાદન મેળવી શકાય અને વહેલી પાકતી જાતો અને ટૂંકા અંતરથી સારું ઉત્પાદન મેળવી શકાય. બીટી કપાસની ફરતે નોન–બીટીનું વાવેતર કરવું.

**છાણીયું ખાતર :** સતત અને ઘનિષ્ઠ ખેતીને પરિણામે મોટા ભાગની જમીનોમાં પોષક તત્વો પુરા પડવાની ક્ષમતામાં ઉતરોતર ઘટાડો જોવા મળે છે. જે માટે કપાસમાં વધુ

**જો તમારે એક દિવસ પોતાની જાત પર ગર્વ કરવો હોય તો આજે હાર ના માનો.**

ઉત્પાદન અને આર્થિક રીતે વધુ વળતર મેળવવા માટે છાણીયું ખાતર આપવું જોઈએ. જેથી કરીને જમીનની તૈયારી કરતી વખતે સારું કોહવાયેલું અથવા કમ્પોસ્ટ કરેલું છાણીયું ખાતર નાખવું જોઈએ. જેનાથી કપાસનું સારું ઉત્પાદન મેળવી શકાય.

**માટી પરિક્ષણનું મહત્વ :** માટી પરિક્ષણ કરવાથી કેટલું ખાતર નાખવું તેની ખબર પડે છે. પ્રમાણસર ખાતરથી સારું ઉત્પાદન મેળવી શકાય તેમજ ખર્ચમાં ઘટાડો કરી શકાય છે.

**ખાતર વ્યવસ્થાપન :** કપાસના પાકને સેન્દ્રીય ખાતર ઉપરાંત રાસાયણિક ખાતરની પણ જરૂરીયાત રહેલી છે. માટી પરિક્ષણ તથા યુનિવર્સીટીની ભલામણ પ્રમાણે ૨૪૦–૫૦–૧૫૦ નાઈટ્રોજન, ફોસફરસ, પોટાશ કિલો/હેકટર મુજબ રાસાયણિક ખાતર આપવું જોઈએ. નાઈટ્રોજન કુલ જથ્થો વાવણી પાછી ૩૦, ૬૦, ૭૫, ૯૦, ૧૦૫ દિવસે સરખા હપ્તામાં આપવો. ફોસ્ફરસનો પુરેપુરો જથ્થો વાવતા પેલા કે વાવણી વખતે આપી દેવો ઉપરાંત પોટેશ્યમ, નાઈટ્રોજન ફુલ ભમરી અવસ્થાએ જીંડવા બેસવાની શરૂઆત થાય ત્યારે અને ત્યાર પછી ૧૫ થી ૨૦ દિવસે છોડ પર છંટકાવ કરવો જોઈએ.

**જૈવિક ખાતર :** કપાસના પાકમાં રાસાયણિક ખાતરોનો બચાવ થઈ શકે તે માટે એજેટોબેકટર તથા ફોસ્ફેટ કલ્ચરનો ઉપયોગ કરવાથી જમીનમાં અલભ્ય સ્વરૂપમાં પડેલ ખાતરના છોડમાં પુરેપુરો ઉપયોગ થાય છે. જૈવિક ખાતરના ઉપયોગ કરવાથી ખેડૂતોને ઉત્પાદનમાં ફાયદો તેમજ ખર્ચમાં ઘટાડો થાય છે.

**આંતરપાક :** કપાસનું વાવેતર પહેલા પાટલે કરવામાં આવતું હોવાથી શરૂઆતમાં વચ્ચેની જગ્યા પડી રહે છે. જેના લીધે નીંદામણનો ઉપદ્રવ વધુ રહે છે. પહેલા પાકનાં અને કપાસના છોડના વિકાસને અવરોધ ન કરે અને ટુંકા ગાળામાં તૈયાર થઈ શકે તેવા પાક જેવા કે મગફળી, તલ, સોયાબીન, મગ, અડદ વગેરે પાકને આંતરપાક તરીકે લેવાથી વધુ નફો મળે છે. જે કઠોળ વર્ગના પાક કપાસ સાથે મિશ્રપાક તરીકે લેવામાં આવે તો જમીન ફળદ્રુપતા પણ સુધરે છે અને પાકને જરૂરી રાસાયણિક ખાતરની જરૂરીયાતમાં ઘટાડો થાય છે. જેથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડોને સાથે–સાથે આર્થિક લાભ પણ થાય છે.

**ગુલાબી ઈયળનું આગોતરું આયોજન :** જે ખેતરમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળેલ હોય ત્યાં છેલ્લી વીણી પછી ઘેટા–બકરાને ચરાવી દેવા જોઈએ જેથી કરીને ગુલાબી ઈયળના કોશેટાનો નાશ થાય છે અને શેઢા પાળા સાફ કરવા, ઉનાળામાં જમીનને તપવા દેવી, તેમજ છાઠીને ભેગી કરીને લાવી તેનો નાશ કરવો.

– પરેશ સોલંકી

**ઉંઘ આવે તો સુઈ જાઓ, પરંતુ જાગીને એકપણ ક્ષણ નકામી વેડફશો નહિ....**

## Happy Birthday

| | |
|---|---|
| Dhirubhai Solanki | 01.06.1980 |
| Khatubhai Sarvaiya | 01.06.1981 |
| Balubhai Nagar | 01.06.1991 |
| Alpesh Kotadiya | 01.06.1994 |
| Savajibhai Gohil | 01.06.2001 |
| Jayesh Dhavar | 01.06.1996 |
| Rameshbhai Solanki | 01.06.1961 |
| Nensi Gangadiya | 01.06.2003 |
| Piyush Kathiriya | 02.06.1990 |
| Payal Desai | 04.06.1993 |
| Dolubhai Gohil | 06.06.1978 |
| Arjun Zanzarukiya | 19.06.1996 |
| Yogesh Solanki | 20.06.1997 |

## In this month

6 Training on child rights for SSKK team by Falgun Sheth, Shaishav.

11. Childline review meeting with CIF.

14. Webinar on cardiac arrest by Dr. Abhishek (Wockheart).

17. Cyclone Tauktae.

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દુનિયામાં બધું જ કિંમતી હોય છે, મળ્યા પહેલા અને ગુમાવ્યા પછી!!**